DATE :- 13/09/2026

SANDESH, PAGE-02, SURAT

## અઠવાલાઈન્સ અથવા વીઆઈપી રોડ પરથી મેટ્રો દોડાવવા માટે સરવેની કામગીરી હાથ ધરાઈ

# એરપોર્ટ સુધી મેટ્રો દોડાવવા બે વિકલ્પનો સરવે

। સુરત ।

શહેરના મહત્ત્વના પ્રોજેક્ટ એવા રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ, ડ્રીમ સિટીને મેટ્રોની કનેક્ટિવિટી આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારબાદ એરપોર્ટ પર આવતા મુસાફરોને મેટ્રોનો લાભ મળી રહે તે માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. જોકે કયા રૂટથી મેટ્રોને એરપોર્ટ સુધી લઈ જવામાં આવે તો મુસાફરો વધુ મળી રહે તે માટે હાલમાં સરવે શરૂ કરવામાં આવ્યો છે. આ સરવે બાદ કયા રૂટથી મેટ્રોને એરપોર્ટ સુધી લઈ જવી તેનો નિર્ણય કરવામાં આવનાર છે. સુરત મેટ્રો પ્રોજેક્ટને ઝડપ આપવા સાથે હવે સુરત એરપોર્ટને પણ મેટ્રો નેટવર્ક સાથે જોડવાની કવાયત શરૂ કરવામાં આવી છે. એરપોર્ટ સુધી મેટ્રો દોડાવવા માટે અઠવાલાઈન્સ, ભટાર અને VIP રોડ એમ ત્રણ સંભવિત વિકલ્પો સામે આવ્યા છે. જોકે હાલ અઠવાલાઈન્સ અને VIP રોડ પૈકી કયા રૂટને એરપોર્ટ કનેક્શન માટે પસંદ કરવો તે અંગે અભ્યાસ ચાલી રહ્યો છે. બંને રૂટની ફિઝિબિલિટી, મુસાફરોની સંભવિત સંખ્યા, માર્ગની સુસંગતતા તેમજ બાંધકામ દરમિયાન આવનારી અડચણો સહિતના મુદ્દાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

સુરત ઝડપથી વિસ્તરી રહેલું ઔદ્યોગિક શહેર છે અને શહેરની વસ્તી તથા રોજગારી માટે દરરોજ થતી અવરજવરમાં સતત વધારો થઈ રહ્યો છે. પરિણામે શહેરમાં જાહેર પરિવહનનું મજબૂત નેટવર્ક ઊભું કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મેટ્રો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આશરે રૂ. ૧૨ હજાર કરોડના ખર્ચે સરથાણાથી ડ્રીમ સિટી અને સારોલીથી ભેંસાણ એમ બે કોરિડોરમાં કુલ આશરે ૪૦ કિલોમીટર વિસ્તારમાં મેટ્રોનું કામ ચાલી રહ્યું છે. બંને રૂટ પર મોટાભાગનું કામ પૂર્ણતાના તબક્કામાં છે અને નવેમ્બરથી સરથાણા-અલથાણ વચ્ચે મેટ્રો દોડાવવાનું આયોજન છે. ત્યારબાદ ભેંસાણથી સ્ટાર બજાર સુધી દોડાવાય તેવી શક્યતા છે.



### પેસેન્જર ટ્રાફિકનો અભ્યાસ કરી નિર્ણય લેવાશે

અઠવાલાઇન્સ રૂટની વાત કરીએ તો આ વિસ્તારમાં સરકારી કચેરીઓ, કોર્ટ, કોલેજો સહિત અનેક મહત્ત્વના સંસ્થાકીય કેન્દ્રો આવેલા હોવાથી અહીંથી મુસાફરોની અવરજવરનો પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ VIP રોડ પર એરપોર્ટ તરફ વધતી રહેણાક અને વ્યાવસાયિક પ્રવૃત્તિ તથા ભવિષ્યમાં વધનારા પેસેન્જર ટ્રાફિકને ધ્યાનમાં રાખીને રૂટની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે. પાલિકાના સહયોગથી બંને રૂટની ફિઝિબિલિટીનો અભ્યાસ કરીને પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. કયા રૂટ પર વધુ મુસાફરોને સીધો લાભ મળી શકે, કયા રૂટમાં જમીન અને બાંધકામ સંબંધિત અડચણો ઓછી છે અને હાલના મેટ્રો નેટવર્ક સાથે કયું જોડાણ વધુ સુસંગત રહેશે તેના આધારે અંતિમ ભલામણ કરવામાં આવશે. ત્યારબાદ રિપોર્ટ ઉચ્ચ અધિકારીઓની મંજૂરી માટે મોકલાશે. એટલે એરપોર્ટ મેટ્રો માટે અઠવાલાઇન્સ કે VIP રોડ-કયો રૂટ પસંદ થાય છે તેના પર હવે આગામી અભ્યાસ અને ફિઝિબિલિટી રિપોર્ટથી ચિત્ર સ્પષ્ટ થશે.